# વિપશ્યના

સાધકોનું માસિક પ્રેરણાપત્ર

બુદ્ધવર્ષ 2557 ❖ ભાદરવી પૂર્ણિમા ❖ 9 સપ્ટેમ્બર 2014 ❖ વર્ષ – 14 ❖ અંક – 6 ❖ સળંગ અંક - 174

## ધમ્મવાણી

उठानकालम्हि अनुठहानो,
युवा बली आलसियं उपेतो ।
संसन्नसडक्प्पमनो कुसोतो,
पञ्ञाय मग्गं अलसो न विन्दति ।।

જે ઉદ્યમ કરવા ટાણે ઉદ્યમ નથી કરતો, યુવાન અને બળવાન હોવા છતાં આળસ કરે છે, મનના સંકલ્પોને ફેંકી દે છે, નિર્વીર્ય હોય છે – આવો આળસુ પ્રજ્ઞાનો માર્ગ પામી શકતો નથી.

## ભારતથી વિશ્વમાં

સમય પાકી ગયો હતો એવું શ્રી ગોયન્કાજીને લાગ્યું. પ્રાચીન ભવિષ્યવાણી હતી કે ધર્મ બર્માથી ભારતમાં આવશે. આ ભવિષ્યવાણી તો સાચી ઠરી; પરંતુ ભવિષ્યવાણી એવી પણ હતી કે ભારતમાંથી આખા વિશ્વમાં ધર્મ ફેલાશે. આ ભવિષ્યવાણી પૂરી થવાની હતી.

આ કાર્ય પૂર્ણ કરવા અર્થે ગોયન્કાજીએ ભારત બહાર અન્ય દેશોમાં જવું આવશ્યક હતું. પરંતુ ગોયન્કાજી પાસે જે બર્મી પાસપોર્ટ હતો તે કેવળ ભારત માટે જ હતો. તેમણે ખૂબ પ્રયાસો કર્યા પરંતુ અન્ય દેશોમાં જવાની અનુમતિ ન જ મળી. ઇચ્છા ન હોવા છતાં તેમને નાગરિક્તા બદલવી પડી અને ઇન્ડિયન પાસપોર્ટ માટે અરજી કરવી પડી. આમ પોતાની જન્મભૂમિ સાથેનો નાતો ફરીથી તોડવો પડ્યો; પરંતુ વિશ્વના ધર્મદૂત બનવા માટે એ આવશ્યક હતું.

તેમને એ જાણીને આશ્ચર્ય થયું કે ભારતીય નાગરિક બનીને નવો પાસપોર્ટ મેળવવાનું પણ એટલું સરળ ન હતું, ગુપ્તચરોએ પ્રથમ તો તપાસ કરી કે ધમ્મગિરિમાં તેઓ કરે છે શું ? ડગલે ડગલે વિલંબ થઇ રહ્યો હતો. અંતે બધી અડચણો દૂર થઇ અને ગોયન્કાજી તથા માતાજી પેરિસ જવા માટે વિમાનમાં બેઠા, બર્માથી ભારત આવ્યાના બરાબર દસ વર્ષ બાદ તેઓ અહીંથી વિદેશ ગયા.

તે વર્ષે ગોયન્કાજીએ ફ્રાન્સમાં બે શિબિરોનું સંચાલન કર્યું ત્યારબાદ એક કેનેડામાં તથા બે શિબિરોનું યુનાઇટેડ કિંગડમમાં સંચાલન કર્યું; મોટી સંખ્યામાં જૂના સાધકો આવ્યા; પરંતુ એવા પણ ઘણા હતા જેમણે અગાઉ વિપશ્યના કરી ન હતી ત્યાર બાદ શિયાળામાં કેટલાક લોકો ધમ્મગિરિ આવ્યા. બે દસકા સુધી આ ક્રમ ચાલતો રહ્યો. દરમ્યાન દર વર્ષે ગોયન્કાજી ભારત બહાર જતા, કેવલ યુરોપ અને ઉત્તર અમેરિકા જ નહીં, જાપાન, તાઇવાન, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, શ્રીલંકા, થાઇલેન્ડ, ઇત્યાદિ અનેક દેશોમાં ગયા અને અંતે ૧૯૯૦માં પ્રથમ વાર પોતાની જન્મભૂમિ બર્મામાં જઇ શક્યા. ધીરે ધીરે આ દેશોમાં તથા અન્ય દેશોમાં વિપશ્યના કેન્દ્રો ખુલ્યાં. દરેક જગ્યાએ, ગોયન્કાજી જેમ શીખવે છે તે જ રીતે વિપશ્યના શીખવાનો અને (વિપશ્યનામાં) પાકવાની તક ઊભી કરાઇ એ જ નિયમો અનુસાર વિપશ્યના સર્વત્ર શીખવવાનું શરૂ થયું.

**એક નવું કેન્દ્રબિન્દુ**

શ્રી ગોયન્કાજીનું મિશન સારી એવી પ્રગતિ કરી ચૂક્યું હતું, પરંતુ હવે તેમની સમક્ષ એક નવી સમસ્યા હતી કે આટલી વિશાળ સંખ્યામાં વિપશ્યના શીખવા આવતા લોકોને તેઓ કઇ રીતે શીખવી શકે ? અત્યાર સુધી તેઓ એકલા શીખવતા હતા. મોટી શિબિરોની એક મર્યાદા હતી; સાધકોને વ્યક્તિગત માર્ગદર્શન અમુક સંખ્યામાં જ આપી શકાતું હતું. ઉત્તર એક જ હતો કે શીખવનારાની સંખ્યા વધે. આથી ૧૯૮૧ના અંતમાં તેમણે જૂના સાધકોને પ્રશિક્ષણ આપીને પોતાના પ્રતિનિધિ રૂપે સહાયક આચાર્ય તરીકે નિયુક્ત કરવાનું શરૂ કર્યું. તેમને કહેવામાં આવ્યું કે તેઓ ગોયન્કાજીના ધ્વનિ મુદ્રિત (recorded)નિર્દેશો અને પ્રવચનો અનુસાર શિબિર–સંચાલન કરે. જ્યાં શ્રી ગોયન્કાજીએ ઘણો સમય વિતાવેલો એ બર્મી વિહાર, બોધગયાની અતિથિશાળામાં એક સહાયક આચાર્ય દ્વારા પ્રથમ શિબિરનું સંચાલન થયું; આ ઉચિત જ હતું. આમ થોડાક જ મહિનાઓમાં વિશ્વભરમાં આવી શિબિરો થવા લાગી આજે બારસોથી વધુ સહાયક આચાર્યો છે જેઓ વર્ષે લગભગ અઢી હજારથી વધુ શિબિરોનું સંચાલન કરે છે. જેમાં લગભગ દોઢ લાખ લોકો દોઢસોથી વધુ સ્થાયી કેન્દ્ર પર તથા અસ્થાયી કેન્દ્રો પર વિપશ્યના શીખવા આવે છે. ૧૯૯૪થી શરૂ કરીને ગોયન્કાજીએ ખૂબ અનુભવી સહાયક આચાર્યોને આચાર્ય તરીકે નિયુક્ત કર્યા. આખા વિશ્વમાં લગભગ ત્રણસો આચાર્યો છે, જેઓ વિશ્વભરનાં વિપશ્યના કેન્દ્રો તથા અન્ય વિપશ્યના શિબિરોના કાર્યક્રમોની દેખરેખ કરે છે.

સહાયક આચાર્યોની આવી નિયુક્તિએ ગોયન્કાજીને મહત્ત્વની અન્ય યોજનાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવા સમર્થ બનાવ્યા. હવે તેમણે પોતાનો અધિકાધિક સમય સાર્વજનિક ભાષણો કરવામાં તથા કોઇ ખાસ પ્રસંગે ભાષણો કરવા માટે ફાળવ્યો: જેમ કે ઓગષ્ટ ૨૦૦૦માં વર્લ્ડ ઇકોનોમિક ફોરમ,

ડાવોસ, સ્વિટ્ઝરલૈન્ડ તથા વિશ્વશાંતિ સંમેલન યુનોમાં ભાષણ કરીને લોકોને ચકિત કર્યા. તેમણે વિપશ્યના વિશોધન વિન્યાસની સ્થાપના કરી જ્યાં ભગવાન બુદ્ધના પાલિ ભાષામાં ઉપલબ્ધ ઉપદેશોના બધા પ્રાચીન ગ્રંથોને દેવનાગરીમાં પ્રકાશિત કરાવ્યા તથા વિભિન્ન લિપિઓમાં તેની સીડી બનાવડાવીને વિતરણ કરાવ્યું, દિલ્હીની તિહાડ જેલમાં તથા અન્ય સુધારક સંસ્થાઓમાં નિરંતર સંચાલિત વિપશ્યના શિબિરોથી ત્યાંના કેદીઓમાં તથા લોકોમાં ક્યા ક્યા સુધારા થયા તેનું પણ નિરીક્ષણ કરતા રહ્યા. એપ્રિલ ૧૯૯૪માં તેમણે એક હજાર કેદીઓની શિબિરનું સંચાલન કર્યું તેમજ બાલ શિબિરો પણ કરી. વિપશ્યના તથા બુદ્ધના ઉપદેશ પર તેમણે સવિસ્તર લખ્યું. લોકોને મુંબઈમાં ગ્લોબલ વિપશ્યના પેગોડાના નિર્માણાર્થે પ્રેરિત કર્યા. સ્વેડગોન પેગોડાની પ્રતિકૃતિ એવા પેગોડાનું નિર્માણ એટલા માટે કરાયું જેથી અસંખ્ય લોકો બુદ્ધના ઉપદેશના બારામાં જાણવા ઉત્સુક બને, વળી તે બર્મા તથા સયાજી પ્રત્યે કૃતજ્ઞતાનું પણ પ્રતીક છે, કારણ કે બર્મા તથા સયાજીએ જ ભારતને વિપશ્યનાનું દાન પરત કર્યું છે.

જેમ જેમ વર્ષો વિતતાં ગયાં તેમ તેમ ગોયન્કાજીને સન્માન તથા પદવીઓ મળવા લાગી; તેમને 'વિદ્યા વારિધિ', 'વર્ણકીર્તિ', 'ધમ્મમૂર્તિ', 'મહાસદ્ધમ્મજયોતિર્ધજ', 'મહાઉપાસક', વિશ્વ 'વિપશ્યનાચાર્ય' આદિ ધર્મની અનેક પદવીઓ એનાયત થઇ. બર્મા તથા શ્રીલંકાની સરકારોએ તેમને સરકારી અતિથિ રૂપે નિમંત્રિત કરીને પદવીઓ એનાયત કરી. ઇ.સ. ૨૦૧૨માં ભારત સરકારે તેમને પદ્મભૂષણની પદવીથી સન્માનિત કર્યા. ગોયન્કાજી હંમેશા એમ કહેતા રહ્યા કે વાસ્તવમાં આ સઘળાં સન્માન તથા પદવીઓ ધર્મ ને માટે એનાયત થઇ છે.

**જીવનનાં થોડાંક અંતિમ વર્ષ**

જીવનનાં અંતિમ વર્ષોમાં શ્રી ગોયન્કાજીનું સ્વાસ્થ્ય નબળું પડતું જતું હતું. તેઓ વ્હીલ ચેર પર બેસતા, તેમનો ગંભીર અવાજ નબળો થતો જતો હતો, વિસ્તારપૂર્વક બોલવાનું કપરું લાગતું હતું. આમ વ્યાધિ અને જરાના દુઃખનો અનુભવ કરવા છતાં તેમણે કામ કરવું ન છોડ્યું. બનતાં સુધી તેઓ પોતાની (શારીરિક) શક્તિ અનુસાર ધર્મ શીખવતા રહ્યા અને બીજાંઓને સાધના માટે પ્રેરણા આપતા રહ્યા.

જેમ જેમ તેમની પ્રસિદ્ધિ વધી તેમ તેમ તેમનું સન્માન પણ વધ્યું લોકો તેમને ખૂબ સન્માન આપવા લાગ્યા હતા અને કેટલાક તો તેમને પારંપરિક ભારતીય ગુરુ રૂપે જોતા હતા; જો કે તેની સાથે તેમને પોતાને કશી લેવા-દેવા ન હતી. ગ્લોબલ પેગોડા પર તેઓ આવતા ત્યારે ટોળે ટોળાં તેમના ચરણ સ્પર્શ માટે આવતાં, જાણે તેમની પાસેથી કોઇ જાદુઇ શક્તિ મળવાની હોય! લોકોના આવા વ્યવહારથી તેઓ ખિન્ન થતા કેમકે તેમના ધર્મદૂત તરીકેના કામ સાથે આને ન્હાવા નીચોવાનો પણ સંબંધ ન હતો. ન્યુયોર્કમાં ૨૦૦૨માં એક સાર્વજનિક વ્યાખ્યાનમા તેમણે કહેલું કે હું તો એક સામાન્ય માણસ છું. ગોયન્કાજીને તેમના શિષ્યો પ્રેમથી 'ગુરૂજી' કહેતા; પરંતુ તેઓ કહેતા કે તેમને કોઇ વિશેષ નામથી સંબોધિત કરવા હોય તો પાલિ ભાષાના શબ્દ 'કલ્યાણમિત્ર' સારો રહે જેનો અર્થ થાય છે 'કલ્યાણ ઇચ્છનારો મિત્ર'.

તેઓ તેમને પોતાનો ફોટો પાડતાં રોકી ન શક્યા છતાં જ્યારે કેમેરો તેમની સામે ધરવામાં આવતો તો તેઓ કહેતા કે શું તારી પાસે મારા કોઇ ફોટા નથી ? પોતાના ફોટા વિશે આમ મજાક જરૂર કરતા છતાં ધમ્મહોલમાં કે કેન્દ્રો પર કે સાર્વજનિક સ્થાનો પર પોતાનો ફોટો ટાંગવાની મંજુરી તેમણે કદિ ન આપી.

જ્યારે પૂછવામાં આવતું કે શું તેમને બોધિ પ્રાપ્ત થઇ ગઇ છે? તો તેમનો ઉત્તર રહેતો કે જેટલું મેં મારા ચિત્તને ક્રોધ, ઘૃણા, દ્વેષથી મુક્ત કર્યું છે તેટલી બોધિ મે પ્રાપ્ત કરી છે. તેમણે કોઇ વિશેષ પ્રાપ્તિ કર્યાનો દાવો કદિ ન કર્યો.બહુમાં બહુ તો તેઓ કહેતા કે હા, મારી પાસે ધર્મ શીખવા આવનારા લોકો કરતાં હું થોડુંક વધુ આ માર્ગ પર ચાલ્યો છું. શિબિર સમાપ્ત થયે ઘણા લોકો તેમનાં આભાર માનવા આવતા; તેમનો એક જ ઉત્તર રહેતો હું તો કેવલ માધ્યમ છું, ધન્યવાદ તો ધર્મને આપો અને કપરી સાધના કરી રહેલા તમને પોતાને!

૨૦૧૦માં તેમણે કહ્યું ''જે વ્યક્તિ અહીં ધર્મ લાવી તેના કરતાં તેને અહીં મોકલનાર ઉ બા ખિનનું વિશેષ મહત્ત્વ છે. વર્ષો પૂર્વે ભારતમાં પડોશી દેશોમાં ધર્મ લઇ જનારા ધર્મદૂતોનાં નામ લોકો ભૂલી ગયા છે પરંતુ તેમને મોકલનારા અશોકનું નહીં. તેથી બુદ્ધશાસનના આ નૂતન યુગમાં ઉ બા ખિનને અવશ્ય યાદ રાખો.'' લોકો પોતાને યાદ રાખે કે ન રાખે તેની તેમને પરવા ન હતી છતાં ગોયન્કાજી એ લોકો માટે સદા અવિસ્મરણીય રહેશે જેઓ તેમને ખોળખતા હતા.

ઘણા સમય પૂર્વે સયાજી ઉ બા ખિને કહેલું કે વિપશ્યનાનો ડંકો વાગી ચૂક્યો છે, તેમ છતાં વિશ્વના લોકો સુધી ધર્મ પહોંચાડનાર ગોયન્કાજી જ હતા, તેઓ ધર્મના જીવંત પ્રતીક હતા; જેમ કે પ્રજ્ઞા, વિનમ્રતા, કરુણા, નિઃસ્વાર્થપણુ, સમતા વગેરેના પ્રતીક તેઓ વારંવાર ધર્મરસની મીઠાશની વાત કરતા હોલની બહાર જતી વખતે સબકા મંગલ હો, સબકા મંગલ હો, કહેતા કહેતાં જતા. તેમના મધુર અવાજ જેવું તેમનું મધુર વ્યક્તિત્વ પણ સદા યાદ રહેશે.

**ચાવીનો ઝૂડો**

ગોયન્કાજી દસ-દિવસીય શિબિરના સમાપન વખતે આ વાર્તા કહે છે :

એક ધનવાન માણસ વૃદ્ધાવસ્થામાં વિધુર થયો, એટલે કે તેની ઘરવાળીનો સ્વર્ગવાસ થયો. અને આપણે ત્યાં તો ઘરવાળી એટલે ગૃહલક્ષ્મી, ઘરમાં જે અન્ન-ધન-ભંડાર હોય તેની ચાવીઓ તો તેની પાસે જ રહે. હવે એ તો ચાલી ગઇ. આ ચાવીનો ઝૂડો કોને આપવો ? સંયુક્ત પરિવાર છે ચાર દીકરા, ચાર વહુ, ચારેય ને તો આપી ન શકે. તો ચારેયને બોલાવીને કહ્યુ, 'હું પરીક્ષા લઇશ પછી આ ચાવીનો ઝૂડો તેને આપીશ જે પરીક્ષામાં સૌથી પહેલો નંબર આવશે'

કઇ પરીક્ષા ? ચારેયને પાંચ–પાંચ દાણા અનાજના આપ્યા અને કહ્યું, ''ચાર વર્ષ બાદ આવીશ અને જે આ પાંચ દાણા સંભાળીને રાખશે તેને આ ચાવીનો ઝૂડો મળશે. જે આ પાંચ દાણા પણ સંભાળી ન શકે તે આટલો મોટો અન્ન–ધન–ભંડાર કઇ રીતે સાચવે ? બસ આ જ છે પરીક્ષા !''

ડોસો જાત્રાએ ગયો. મોટી વહુએ વિચાર્યું કે આની સાઠે બુદ્ધિ નાઠી છે. આ કેવી વાત ? આ પાંચ દાણા ? આ ચાર વર્ષમાં તો માથું પાકી જાય, ફેંકી દો ભાઇ ! એ પાછો આવશે ત્યારે આપણા ભંડારમાંથી લઇને બીજા પાંચ દાણા આપી દઇશ કે લે તારા પાંચ દાણા વાત ખતમ. આમ તેણે ફેંકી દીધા.

બીજીએ વિચાર્યું વાત તો સાચી ! ચાર વરસ સુધી આ દાણાની ચિંતા કરવી એમાં કોઇ સમજદારી લાગતી નથી; પરંતુ ડોસો છે અનુભવી ! તેને જીવનભરનો અનુભવ છે. કોણ જાણે આ પાંચ દાણામાં કોઇ જાદુ હોય, અને ચાર વર્ષ પછી આવીને કહે કે આ દાણા ખાઇ જા અને ખાતાં જ ''પુત્રવતી ભવ'' ''સૌભાગ્યવતી ભવ'' કોણ જાણે શું શું કહે ! તો અત્યારે જ કેમ ન ખાઇ જાઉ ? જયારે તે પાછો આવશે ત્યારે બીજા પાંચ દાણા આપી દઇશ. તે દાણા ખાઇ ગઇ.

ત્રીજીને તો ચાવીનો ઝૂડો દેખાય! તેણે પોતાના ઓરડામાં ચાંદીની એક ડબીમાં દાણા રાખ્યા અને જેમ દેવી–દેવતાઓને પૂજે તેમ આ દાણાને પણ પૂજવા લાગી, ચાર વર્ષ સુધી પહેરો ભર્યો !

ચોથીએ એ પાંચ દાણા માટે પાછળની જમીન સાફ કરી અને દાણા વાવી દીધા. થોડા વખત પછી પાંચ રોપા ફુટી નીકળ્યા. એક એક રોપામાં સો–સો દાણા ઉગ્યા. બીજી મોસમમાં એ પાંચસો દાણા વાવી દીધા. આગલી મોસમમાં જેટલા આવ્યા તેટલા રોપી દીધા, ચાર વર્ષમાં તો મણના મોઢે અનાજ થઇ ગયું! ગોડાઉન ભરાઇ ગયું!

ડોસો આવ્યો બધાએ પોતપોતાની રામકહાણી સંભળાવી ચોથીએ કહ્યું, ''બાપુજી, આપના પાંચ દાણા એટલા વધી ગયા છે કે ગોડાઉન ભરાઇ ગયું છે! મજૂર બોલાવો અને મંગાવી લો'' ડોસાએ કહ્યું; આ દીકરી સાચી! તેણે સંભાળીને જ નથી રાખ્યા સંવર્ધન પણ કર્યુ છે !

તો આ ડોસાએ પણ ધર્મના પાંચ દાણા આપ્યા છે, સંભાળીને જ નથી રાખવાના, સંવર્ધન પણ કરજો! ખૂબ સંવર્ધન કરજો! અને હું તો આ ચાવીનો ઝૂડો પણ સાથે નથી લઇ જતો, દરેકને આપીને જાઉં છું ! દરેક પાસે પોતપોતાનો ચાવીનો ઝૂડો ! ધર્મમાં ખૂબ પાકો ! ખૂબ પાકો ! અને ખોલો દરવાજો ! ભીતર સ્વર્ગીય સુખનો દરવાજો ખોલો ખૂબ પોક ! ખૂબ પાકો ! બ્રાહ્મી આનંદનો દરવાજો ખોલો! ખૂબ પાકો ! ખૂબ પાકો ! નિર્વાણિક પરમસુખનો દરવાજો ખોલો ! ચાવી તમારા હાથમાં જ છે !

ખૂબ પાકો ધર્મમાં ! ખૂબ મંગળ છે ખૂબ કલ્યાણ છે ! કોઇ ભાગ્ય થકી, કોઇ મહાન પુણ્ય થકી ધર્મ પ્રાપ્ત થાય છે !

**ભવતુ સબ્બ મંગલં**

# મંગલ મૃત્યુ

વલસાડના જયંતભાઇ દોસાઇ ૧૯૯૫ થી વિપશ્યના સાધનામાં જોડાયા. અનેક શિબિરોમાં ભાગ લઇને પોતાને ધર્મમાં સતત પુષ્ટ કરતા રહ્યા. ઘણી ધર્મસેવાઓ આપી. શરીર છોડયા પહેલાના બે મહિના પહેલા જ જાણમાં આવ્યું કે તેઓ બ્લડ કેન્સર જેવી અસાધ્ય બીમારીથી ગ્રસ્ત છે, જીવનના એ અંતિમ સમય સુધી તેમણે બધા કષ્ટોનો ધર્મ ધૈર્ય પૂર્વક સામનો કર્યો અને ૨૬ ઓગષ્ટ ૨૦૧૪ના રોજ સંપૂર્ણ સચેત અવસ્થામાં શાંતિપૂર્વક શરીર છોડયું. તેમના પુણ્ય કર્મો ચોક્કસ ફલદાયી બને અને તેઓ સુગતિના ભાગીદાર થાય, એજ ધર્મ પરિવારની મંગલ કામના છે.

# નવા વર્ષ નિમિત્તે સ્નેહ મિલન

નવા વર્ષ નિમિત્તે જૂના વિપશ્યી સાધકો માટે સ્નેહ મિલનનું આયોજન કરેલ છે. સર્વે જૂના સાધકોને સ્નેહ મિલનમાં પધારવા હાર્દિક નિમંત્રણ છે.

**રાજકોટ :** તા. ૨–૧૧–૨૦૧૪, **સમય :** સવારે ૯ થી ૧૧
**સ્થળ :** નવી માસુમ સ્કૂલ, કાલાવડ રોડ, મોટા મવા ગામ પછી, ૬૦ ફૂટના રોડ ઉપર, રાજકોટ.

**જામનગર :**
**સ્થળ :** પ્રણામી હાઇસ્કૂલ, હિરજી મિસ્ત્રી રોડ, રણજીત નગર, જામનગર.
**સંપર્ક :** રમેશભાઇ દવે – ૯૪૦૮૯૬૩૯૩૫
ભગવાનદાસ મોટવાણી – ૯૮૯૮૬ ७૧૨૫૧

**જુનાગઢ :** તા. ૨૮–૧૦–૨૦૧૪, **સમય :** બપોરે ૯ થી ૧૨
**સંપર્ક :** ડો. ધીરજ શાહ – ૯૮૯૮૦ ૨૨૧૩૬

**ભાવનગર :** તા. ૨–૧૧–૨૦૧૪, **સમય :** સવારે ૮ થી ૧૧
**સંપર્ક :** શ્રી અનિલભાઇ શાહ – ७૮७૮૧ ૦૩૬૩૬

**અમરેલી :** તા. ૨–૧૧–૨૦૧૪, **સમય :** સવારે ૯ થી ૧૨
**સંપર્ક :** શ્રી દ્વારકાધીશભાઇ – ૯૪૦૯૦ ૪૨૩૮૩
શ્રી કિરણભાઇ ભટ્ટ – ૯૪૨૮૧ ૯૦૦૩૮

**જેતપુર :** તા. ૨૬–૧૦–૨૦૧૪, **સમય :** સવારે ૮ થી ૧૧
**સંપર્ક :** શ્રી હિતેષભાઇ ધોળિયા – ૯૯૦૯૩ ૧૨૯૪૬
શ્રી અરવિંદભાઇ દવે – ફોન : ૨૨૪૦૨૦

| સૌરાષ્ટ્ર વિપશ્યના કેન્દ્ર ''ધમ્મકોટ'' | કચ્છ વિપશ્યના કેન્દ્ર ''ધમ્મસિંધુ'' | ગુર્જર વિપશ્યના કેન્દ્ર ''ધમ્મપીઠ'' | ઉત્તર ગુજરાત વિપશ્યના કેન્દ્ર–''ધમ્મ દિવાકર'' | ''ધમ્મ અંબિકા'' | : ધર્મજ : |
|---|---|---|---|---|---|
| C/o. ભાભા હોટલ,<br>પંચનાથ રોડ, રાજકોટ–૧.<br>(0281)<br>2233666<br>78787 27240<br>(0281) 2924942<br>93279 23540<br>રજિસ્ટ્રેશન<br>૧૦:૦૦ થી ૦૧:૦૦<br>અને ૦૪:૦૦ થી ૭:૦૦<br>dhammakot@gmail.com | બાડા.<br>C/o. શ્રી ઈશ્વરલાલ<br>ચુ. શાહ,<br>પ્રો. કે. ટી. શાહ રોડ,<br>માંડવી.<br>કચ્છ–૩૭૦ ૪૬૫<br>(02834)<br>273303,<br>273612, | અમદાવાદ<br>રનોડા<br>તા. ધોળકા,<br>જિ. અમદાવાદ<br>– ૩૮૦ ૮૧૦<br>(02714) 294690,<br>(M) 94264 19397 | મીઠા મહેસાણા.<br>C/o. ઉપેન્દ્રકુમાર પટેલ,<br>૭–અપના બજાર,<br>વિમલ સુપર માર્કેટ,<br>બી.કે. રોડ, મહેસાણા.<br>(ઉ.ગુ.)–૩૮૪ ૦૦૨.<br>(02762) 272800,<br>254634, 252345<br>(M) 94292 33000 | ૯૪૨૮૧ ૬૦૭૧૪<br>૯૮૨૫૦ ૪૪૫૩૬<br>૦૨૬૩૪-૨૯૧૧૦૦<br>૦૨૬૩૪-૨૯૨૫૨૧<br>:: સરનામું ::<br>નવસારી અને બિલિમોરા<br>રેલ્વે સ્ટેશનથી ૧૫ કિ.મી.,<br>નેશનલ હાઈવે નં. ૮, બોરિયાચ<br>ટોલનાકાની પશ્ચિમે ૨ કિ.મી. દૂર<br>ગામ : વગલવાડ, તા.: ગણદેવી | (૦૨૬૯૭)<br>૨૪૫૪૬૦,<br>૨૪૫૩૦૨<br>મો. ૯૪૨૬૫ ૦૦૭૬૫<br>હેમંતભાઈ પટેલ |

## ૧૦ દિવસીય શિબિરની માહિતી

| | | | | | |
|---|---|---|---|---|---|
| 03-10 to 14-10-14<br>21-10 to 01-11-14<br>05-11 to 16-11-14<br>19-11 to 30-11-14<br>03-12 to 14-12-14<br>17-12 to 28-12-14<br>31-12 to 11-01-15 | 14-09 to 25-09-14<br>28-09 to 09-10-14<br>11-10 to 22-10-14<br>26-10 to 06-11-14<br>09-11 to 20-11-14<br>23-11 to 04-12-14 | 17-09-14 to 28-09-14<br>01-10-14 to 12-10-14<br>21-10-14 to 01-11-14<br>12-11-14 to 23-11-14<br>03-12-14 to 14-12-14<br>17-12-14 to 28-12-14<br>31-12-14 to 11-01-15 | 17-09-14 to 28-09-14<br>26-10-14 to 06-11-14<br>12-11-14 to 23-11-14<br>03-12-14 to 14-12-14<br>31-12-14 to 11-01-15<br>14-01-15 to 25-01-15<br>28-01-15 to 08-02-15 | 20-10 to 31-10-14<br>09-12 to 20-12-14<br>03-01 to 14-01-15<br>16-01 to 27-01-15<br>રજિસ્ટ્રેશન<br>0261-3260961<br>(૧૧થી ૫ દરમિયાન) | 28-10-14 to 08-11-14<br>17-12-14 to 28-12-14<br>02-01-15 to 13-01-15 |

## એક દિવસીય શિબિર જૂના સાધકો માટે

| | | | | | |
|---|---|---|---|---|---|
| દર મહિનાના પહેલા અને ચોથા રવિવારે રાજકોટ શહેરમાં માસૂમ સ્કૂલ ખાતે ૮ થી ૪ | દર મહિનાના પહેલા રવિવારે | દર મહિનાના છેલ્લા રવિવારે અમદાવાદમાં | દર મહિનાના ચોથા રવિવારે | : ઉના :<br>ગ્રુપ સીટીંગ<br>સવારે ૬:૩૦ થી ૭:૩૦<br>હરેશભાઇ જે. ટીલવાણી<br>૪૨, વ્રજભૂમિ સોસાયટી,<br>શેરી નં.૩, નવી મામલતદાર<br>ઓફીસ પાછળ, ગીરગઢડા રોડ,<br>ઉના. મો.: ૯૪૨૭૭ ૩૮૦૭૦ | મોગર કેન્દ્ર<br>''ધમ્મ ભવન''<br>દર મહિનાના<br>પહેલા રવિવારે<br>સામૂહિક સાધના<br>૫–કાલિંદી પાર્ક,<br>અકોટા અતિથિ<br>ગૃહ પાછળ,<br>વડોદરા–૩૯૦૦૨૦.<br>(0265) 2341181<br>(M) 94263 32180<br>E-mail :<br>vvs04@ hotmail.com |

**શિબિરમાં આવનાર પ્રત્યેક વ્યક્તિએ ફોટો આઈડી (ફોટો ઓળખપત્ર) ની ઝેરોક્ષ લાવવી ફરજીયાત છે.**

**દર મહિનાના બીજા રવિવારે સવારે ૯-૩૦ થી ૧૧-૦૦ કલાકે બાળકો માટેની ''આનાપાન'' શિબિર, માસુમ સ્કુલ, યુનિ. રોડ, રાજકોટ ખાતે રાખવામાં આવે છે.**

## દોહા ધરમના

નમસ્કાર હૈ બુદ્ધ કો, કૈસે કરુણાગાર ।
દુઃખ મિટાવન પથ દિયા, સુખી કરન સંસાર ॥

નમસ્કાર હૈ ધરમ કો, કૈસા પાવન પંથ ।
ઈસ પથ પર જો ભી ચલે, સહજ બન ગએ સંત ॥

નમસ્કાર હૈ સંઘ કો, કૈસે શ્રાવક સંત ।
ધર્મ ધાર ઉજલે હુએ, નિર્મલ હુએ ભદંત ॥

**એક્સેલ ક્રોપકેર લિમિટેડ**
૬/૨, રૂવાપરી રોડ, ભાવનગર – ૩૬૪ ૦૦૫.
ફોન : (૦૨૭૮) ૨૨૧૨૪૦૧–૨–૩ ની મંગલકામના

## દોહા ધરમના

નમસ્કાર અરહંત કો, નમસ્કાર સબ સંત ।
નમસ્કાર જનની જનક, હૈ ઉપકાર અનંત ॥

નમસ્કાર ગુરુદેવ કો, કૈસે સંત સુજાન ।
કિતને કરુણા ચિત્ત સે, દિયા ધરમ કા દાન ॥

એસા ચખાયા ધરમ રસ, બિષયન રસ ન ભુલાય ।
ધરમ સાર એસા દિયા, છિલકે દિયે છુડાય ॥

**સોલંકી મિકેનિક વર્કસ**
૪૦/W ભક્તિનગર જી.આઇ.ડી.સી., રાજકોટ–૨.
ફોન : ૦૨૮૧ – ૨૩૬૨૧૮૯ ની મંગલકામના

સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ) ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. વતી પ્રકાશક તથા મુદ્રક : **ચંદુભાઈ મહેતા,** મુદ્રણ સ્થાન : નાઈસ આર્ટ, ''મુક્તિરામ કોમ્પ્લેક્ષ'', રાષ્ટ્રીય શાળા મેઈન રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. દ્વારા રાજકોટ ખાતે પ્રકાશિત. **તંત્રી : ભરત કાપડીઆ.** વિપશ્યના (ગુજરાતી) પત્રિકાનું લવાજમ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. ના સરનામે, **સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર**ના નામે મ.ઓ./ડ્રાફ્ટ અથવા રોકડેથી મોકલી શકાશે. (બહારગામના ચેક લેવામાં આવશે નહીં.) રાજકોટ સિટી ઓફિસ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૧.

**વિપશ્યના 9 સપ્ટેમ્બર 2014** આ પત્રિકામાંની સામગ્રી વિપશ્યના વિશોધન વિન્યાસ, ઈગતપુરીના સૌજન્યથી તથા વિપશ્યના હિન્દી/અંગ્રેજી પત્રિકાઓના અંકોમાંથી પ્રકાશિત કરાય છે.

**ચાર વર્ષનું લવાજમ : રૂા. 100/-**

'વિપશ્યના' Reg-No. GUJGUJ /2000/3013
Postal Reg. No. RAJKOT/450/2012-14
(Renewed upto 31.12.2014)

**Weighs less than 10 gms**
Posting day-25th of every month,
Posted at Rajkot RMS - 360 001.
**Write PIN CODE for Correct Delivery**

If undelivered please return to :
**સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ)**
ભાભા હોટલ, પંચનાથ રોડ,
રાજકોટ – 360 001.
સિટી ઓફિસ : ફોન – (0281) 2233666
મોબાઈલ : 7878 7272 23
e-mail : info@kota.dhamma.org
Web site : www.kota.dhamma.org